ગુજરાત સમાચાર

Bhavnagar 6 November, 2017

# ધરમપુરમાં રૂા.૧૦૦ કરોડના ખર્ચે મલ્ટી સ્પેશિયાલીટી હોસ્પિટલ બનશે



ધરમપુર, શનિવાર

ભારતના મહાન સંત શ્રીમદ્ રાજચંદ્રજીની સાર્ધ શતાબ્દી મહોત્સવ નિમિત્તે ચાલી રહેલા ત્રિદિવસીય કાર્યક્રમમાં આજે ત્રીજા દિવસે ધરમપુર ખાતે શ્રીમદ્ રાજચંદ્ર મિશન દ્વારા ૧૦૦ કરોડના ખર્ચે નવનિર્માણ પામનારી ૨૫૦ બેડની અદ્યતન મલ્ટી સ્પેશીયાલીટી સુવિધા ધરાવનારી હોસ્પિટલનું ઉદઘાટન રામાયણી સંત પૂજ્ય મોરારીબાપુના હસ્તે થતાં ધરમપુર અને આસપાસના વિસ્તારને આ સાર્ધ શતાબ્દી કાર્યક્રમની અનોખી ભેટ આપવામાં આવી હતી. આજે ધરમપુર ખાતે શ્રીમદ્ રાજચંદ્રજીનાં ૧૫૦ વર્ષની ઉજવણીના ભાગરૂપે ચાલી રહેલા મહોત્સવમાં સંત મોરારીબાપુ પણ જોડાયા હતા. તેમણે જણાવ્યું કે, રામચરિત માનસમાં વિષય, જીવસાધક અને સિધ્ધ એમ ત્રણ પ્રકારનાં જીવોનો ઉલ્લેખ છે. પૂજ્ય રાકેશભાઈ (ગુરૂદેવ)ને તેમણે પરમ સાધક ગણાવી તેમની નિશ્રામાં હજારો જીવ તૃષ્ણા પામશે એમ જણાવી શ્રીમદ્ રાજચંદ્રજીને સિધ્ધપુરૂષ ગણાવ્યા હતા. સાથે સાથે તેમણે ઈષ્ટનું સ્મરણ, સદ્ગ્રંથનું વાંચન અને જીવનમાં સતત સદ્ગુણોના આચરણની વાતો કહી હતી. આ પ્રસંગે ગુરૂદેવ રાકેશભાઈ ઝવેરીએ જણાવ્યું કે, અહિંસા પરમો ધર્મ છે એમ મહાવીર સ્વામીજી કહી ગયા છે. પરંતુ બીજાનું દુઃખ દુર કરવા આપણે શું કર્યું? એ આજના સાંપ્રત સમયની જરૂરિયાત છે. સ્વ મંગળમાંથી સર્વના મંગળની આજે જરૂરિયાત છે. અહિંસામાં ભલે માનો પણ સાથે સાથે સંવેદના પણ કેળવો. ત્રિદિવસીય મહોત્સવ દરમિયાન દેશ વિદેશમાં ૭૦૦૦થી વધુ શ્રીમદજીના ભક્તોએ ધરમપુરમાં આવી આધ્યાત્મિક રંગે રંગાયા હતા.

આઠ એકરમાં બનનારી હોસ્પિટલ ઈકો ફ્રેન્ડલી બનાવાશે. ૨ લાખચો.મીટરના બાંધકામ સાથે તૈયાર થનારી હોસ્પિટલ પાછળ ૧૦૦ કરોડ રૂપિયાનો ખર્ચો થશે તથા વાર્ષિક ૧૫ કરોડથી વધુનો ખર્ચો બીજો આવશે. જરૂર પડશે તો બીજા ૧૦૦ બેડનો વધારો કરવામાં પણ શ્રીમદ્ રાજચંદ્ર મિશન ધરમપુર દ્વારા નેમ વ્યક્ત કરવામાં આવી છે. સાથે સાથે મેડિકલ કોલેજ પણ અહીં જ શરૂ કરી આરોગ્ય સેવાના બીજા પર્યાય બનાવવાનો નમ્ર પ્રયાસ થશે.

## સંતોનો જમાવડો

ધરમપુરમાં ત્રીદિવસીય કાર્યક્રમમાં શ્રી રવિશંકરજી, પૂજ્ય મોરારીબાપુ, પૂજ્ય વિવેકસાગરજી, પૂજ્ય ચિદાનંદ સરસ્વતિજી, પૂજ્ય આચાર્ય ડૉ. લોકેશમુનીજી, પૂજ્ય ભીખ્ખું સંગસેનાજી, આદરણીય બ્રહ્મકુમારી દીદી ડૉ. નિર્મલાજીની વિશેષ ઉપસ્થિતિ રહી હતી.

## ૮ એકરમાં બનનારી હોસ્પિટલમાં ૨૫૦ બેડ : ભવિષ્યમાં ૧૦૦ બેડ વધારી શકાશે : મેડિકલ કોલેજ પણ અહીં જ શરૂ કરાશે